# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

******************************************************

1. ભારત અને જાપાનના પ્રધાનમંત્રીઓ વચ્ચે દ્વિપક્ષિય વાતચીત.
2. આતંકવાદ સામે ભારતે પોતાના મક્કમ વલણનો પુનરોચ્ચાર કરતાં સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં કહ્યુ છે કે કોઈપણ સંજોગોમાં આતંકવાદને વાજબી ઠેરવી શકાય નહીં.
3. બેંગલુરૂમાં ખાણ કામ કરી રહેલા કામદારો પર ખડક પડતા સાતનાં મોત.
4. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ISI સાથે સાંઠગાંઠ ધરાવતા ચાર આરોપીઓની ધરપકડ કરી.
5. યુક્રેનના કિવમાં રશિયાએ કરેલા હુમલામાં 13 લોકોના મોત.
6. મહિલા T20 વિશ્વ કપમાં, આજે લંડનમાં બીજી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડ દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM TALKS WITH JAPAN PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં  હૈદરાબાદ હાઉસ ખાતે જાપાનના તેમના સમકક્ષ સનાઈ તાકાઇચી સાથે વાર્ષિક શિખર સ્તરની વાટાઘાટો કરી રહ્યા છે. આ શિખર સંમેલન બંને પક્ષો માટે દ્વિપક્ષીય સહયોગના સંપૂર્ણ સ્પેક્ટ્રમની સમીક્ષા અને મજબૂતીકરણ તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક છે. પ્રધાનમંત્રી મોદી અને પ્રધાનમંત્રી તાકાઇચી વચ્ચેની વાટાઘાટો બાદ અનેક સમજૂતી કરારોની આપ-લે થવાની અપેક્ષા છે.

અગાઉ, આજે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં પ્રધાનમંત્રી તાકાઇચીનું ઔપચારિક સ્વાગત કરાયું. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત હતા. ઉલ્લેખનીય છે કે જાપાનના પ્રધાનમંત્રી ભારતના ત્રણ દિવસના પ્રવાસે ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની ભારતનો આ પ્રથમ સત્તાવાર પ્રવાસ છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મુલાકાત ભારત અને જાપાન વચ્ચે ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને આગળ વધારવા એક મહત્વપૂર્ણ પગલું છે.

# INDIA-UN TERRORISM

આતંકવાદ સામે ભારતે પોતાના મક્કમ વલણનો પુનરોચ્ચાર કરતાં કહ્યુ છે કે કોઈપણ સંજોગોમાં આતંકવાદને વાજબી ઠેરવી શકાય નહીં અને આ જોખમને નાબૂદ કરવા માટે સંયુક્ત વૈશ્વિક પગલાં લેવાની હાકલ કરી છે. સંયુક્ત રાષ્ટ્રની વૈશ્વિક આતંકવાદ વિરોધી વ્યૂહરચનાની નવમી સમીક્ષા દરમિયાન યુએન મહાસભાને સંબોધતા, યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત હરીશ પર્વતાનેનીએ કહ્યું, "એક આતંકવાદી એ આતંકવાદી છે," અને ભાર મૂક્યો કે આતંકવાદ વિરોધી પ્રયાસોને રાજકીય ભ્રમણાઓ દ્વારા નબળા ન કરવા જોઈએ.

(BYTE: HARISH)

# KARNATAKA-WORKERS DEATH

બેંગલુરુ દક્ષિણ તાલુકામાં આજે પથ્થરનો મોટો ટુકડો પડતાં સાત પરપ્રાંતિય કામદારોના મોત થયા છે. માડાપટના ગામમાં કાવેરી ક્રશર પથ્થરની ખાણમાં આ દુર્ઘટના બની હતી. ખાણની ટોચ પર એક વિશાળ ખડક ખસેડતી વખતે, ખાણના ખાડામાં કામ કરતાં મજૂરો પર પડતાં આ દુર્ઘટના સર્જાઇ હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે મોકલી આપવામાં આવ્યા છે. મૃતકો બિહાર, મધ્યપ્રદેશ અને ઉત્તર કર્ણાટકના હતા. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડૉ. જી. પરમેશ્વરે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને કહ્યું છે કે બેદરકારી દાખવવા બદલ ખાણના માલિકો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# PAKISTAN - BOAT CAPSIZED

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં તળાવમાં બોટ પલટી જતાં સાતના મોત અને એક વ્યક્તિ ગુમ થઈ છે.પોલીસના જણાવ્યા અનુસાર, સ્વાત જિલ્લામાં એક પરિવારના આઠ સભ્યોને લઈને જતી બોટ પલટી જતાં અકસ્માત સર્જાયો હતો.

અન્ય એક દુર્ઘટનામાં, ગઇકાલે લાહોરમાં એક ખાનગી ટ્યુશન ક્લાસની છત તૂટી પડતાં 14 બાળકોના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. કાટમાળ નીચે લગભગ 20 લોકો ફસાયા હતા અને કેટલાક બાળકોની હાલત ગંભીર છે.

# EPF SCHEME 2026-NOTIFIED

કેન્દ્ર સરકારે સામાજિક સુરક્ષા સંહિતા, 2020ના અમલીકરણના ભાગ રૂપે કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) યોજના, 2026 ને સૂચિત કરી છે. જે ગયા મહિનાની 29મી તારીખે ગેઝેટમાં પ્રકાશિત થતાં અમલમાં આવી છે અને તે 952 ની કર્મચારી ભવિષ્ય નિધિ યોજનાનું સ્થાન લેશે.

આ યોજનાનો હેતુ ડિજિટલ પાલનને મજબૂત બનાવવા, વહીવટી કાર્યક્ષમતામાં સુધારો કરવા, ખાતા ટ્રાન્સફરને સરળ બનાવવા અને નવા શ્રમ કાયદાઓ સાથે ભવિષ્ય નિધિ માળખાને સંરેખિત કરવાનો છે.

નવી યોજના હેઠળ, કર્મચારી અને નોકરીદાતા તરફથી વેતનના 12 ટકાના દરે ફરજિયાત EPF યોગદાન યથાવત રહેશે, જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત સંસ્થાઓ પર હાલનો 10 ટકા દર લાગુ રહેશે. આંશિક ઉપાડ માટેના નિયમોમાં પણ સુધારાઓ કરવામાં આવ્યા છે.

# DELHI POLICE- ISI

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ISI-પ્રાયોજિત આંતરરાજ્ય આતંકવાદી અને શસ્ત્ર નેટવર્ક પર કાર્યવાહીમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે, આરોપીઓ ISI હેન્ડલર શહજાદ ભટ્ટી અને તેના સહયોગીઓના નિર્દેશ પર રાષ્ટ્રીય રાજધાનીમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવાની યોજના બનાવી રહ્યા હતા. ઓપરેશન દરમિયાન બે વિદેશી બનાવટની પિસ્તોલ, નવ કારતૂસ અને પાંચ મોબાઇલ ફોન મળી આવ્યા હતા.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ શોધખોળથી બચવા માટે વિદેશી નંબરોનો ઉપયોગ કરી રહ્યા હતા. જે તેમના પાકિસ્તાની હેન્ડલર દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે, પંજાબના એક આરોપીને દિલ્હીમાં ધાર્મિક સ્થળો અને પોલીસ મથકોની રેકી કરવાનું અને શહેરમાં ગોળીબાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RUSSIA-UKRAINE ATTACK

યુક્રેનના કિવમાં રશિયન ડ્રોન અને મિસાઇલ હુમલામાં 13 લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા. સ્થાનિક સમાચાર એજન્સીઓના અહેવાલ મુજબ, આજે શહેરના ઘણા ભાગોમાં વિસ્ફોટોના અવાજો સંભળાયા. શહેરમાં હવાઈ હુમલાના સાયરન વાગ્યા અને ઘણા રહેવાસીઓએ મેટ્રો સ્ટેશનોમાં આશરો લીધો. આ અઠવાડિયાની શરૂઆતમાં મોસ્કો પર યુક્રેનિયન ડ્રોન હુમલાઓ પછી આ હુમલાઓ થયા છે.

# CRICKET - WOMEN'S WORLD CUP

ICC મહિલા T20 વર્લ્ડ કપમાં, આજે લંડનના કેનિંગ્ટન ઓવલ ખાતે બીજી સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડ દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 11 વાગ્યે શરૂ થશે. આ મેચની વિજેતા ટીમ 5મી જુલાઇએ લંડનના પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે.

વિશ્વકપમાં ઇંગ્લેન્ડ પાંચેય મેચ જીતીને અપરાજિત રહ્યું છે. જ્યારે દક્ષિણ આફ્રિકાએ તેમની પાંચ ગ્રુપ મેચમાંથી ચાર જીતી છે. બંને ટીમોનું વિશ્વકપમાં ઉત્તમ પ્રદર્શન રહેતા આજની મેચ રસાકસીભરી બની રહેશે.

# MATCH CANCEL

પુરુષોની ક્રિકેટમાં, ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ગઈકાલે રાત્રે ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં વરસાદને કારણે પ્રથમ ટી20 આંતરરાષ્ટ્રીય મેચ રદ કરવામાં આવી હતી.

પાંચ મેચની શ્રેણીની પહેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 189 રન બનાવ્યા, જેમાં કેપ્ટન શ્રેયસ ઐયરે 47 બોલમાં સૌથી વધુ 68 રન બનાવ્યા. ત્યારબાદ વરસાદને કારણે મેચ રદ કરવામાં આવી હતી

# AVIATION - PINS

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું કે, ભારતે હેલિકોપ્ટર કામગીરીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આંધ્રપ્રદેશના ઉંડાવલ્લી હેલિપોર્ટ માટે દેશની પ્રથમ ખાનગી પોઇન્ટ-ઇન-સ્પેસ ઇન્સ્ટ્રુમેન્ટ એપ્રોચ પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું કે, આ ઉપગ્રહ આધારિત અદ્યતન ટેકનોલોજી ખરાબ હવામાન અને દૂરના વિસ્તારોમાં પણ હેલિકોપ્ટરનું સલામત અને સચોટ ઉતરાણ સુનિશ્ચિત કરશે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે આ પહેલ હેલિકોપ્ટર સેવાઓને વધુ સલામત, વિશ્વસનીય અને બધી હવામાન પરિસ્થિતિઓમાં સુલભ બનાવવા તરફ એક મોટું પગલું છે. તેમણે ઉમેર્યું હતું કે આ સિસ્ટમ આપત્તિ રાહત, એર એમ્બ્યુલન્સ, પ્રવાસન અને પ્રાદેશિક કનેક્ટિવિટી સેવાઓને પણ લાભ આપશે.

# IMD- MONSOON

દક્ષિણ પશ્ચિમ ચોમાસું આજે સમગ્ર દિલ્હી, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં આગળ વધ્યું છે. વરસાદને કારણે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગરમી અને ભેજવાળા હવામાનમાંથી નોંધપાત્ર રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે થી ત્રણ દિવસમાં ચોમાસું ઉત્તર ભારતના ઘણા ભાગોમાં આગળ વધવાની ધારણા છે.

# ASSAM - FLOOD

કેન્દ્ર સરકારે તાજેતરની પૂરની પરિસ્થિતિનો સામનો કરવા આસામને સંપૂર્ણ સહયોગની ખાતરી આપી. કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગઈકાલે સાંજે ગુવાહાટીમાં આસામ સરકાર સાથે પૂર સમીક્ષા બેઠક દરમિયાન આ ખાતરી આપી હતી. કેન્દ્રીય મંત્રીઓએ સૌથી વધુ અસરગ્રસ્ત ધેમાજી જિલ્લામાં સ્થિતિની સમીક્ષા કરી અને નુકસાનનું મૂલ્યાંકન કર્યું.

શ્રી ચૌહાણે કહ્યું કે નવી દિલ્હી પરત ફર્યા બાદ, તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પૂરની પરિસ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ સુપરત કરશે. નુકસાનનું વિગતવાર મૂલ્યાંકન કરવા એક ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય આંતર-મંત્રાલયની ટીમ બંને રાજ્યોમાં મોકલાશે.

આસામના મુખ્ય સચિવના જણાવ્યાં અનુસાર આ વર્ષના પહેલા પૂરથી 17 જિલ્લાના 72 હજાર લોકો અસરગ્રસ્ત થયા છે. રસ્તાઓ, પુલો, ઘરો અને ખેતીની જમીન સહિત કરોડોની સંપત્તિ નષ્ટ થઈ છે.

# DAY J&K - AMARNATH

જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસ આધાર શિબિરથી અમરનાથ યાત્રા માટે 4 હજાર 822 યાત્રાળુઓનો પહેલો સમૂહ આજે ઉપરાજયપાલ મનોજ સિન્હા દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવાના કરાયો. અમારા જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ ઉપરાજ્યપાલે પહેલગામ અને બાલતાલના જોડિયા માર્ગથી યાત્રાળુઓને રવાના કર્યા હતા.

બાલતાલથી 2 હજાર 312 અને પહેલગામ રૂટથી 2 હજાર 510 શ્રદ્ધાળુઓએ યાત્રા શરૂ કરી છે. જેમાં 3 હજાર 707 પુરુષ, 816 મહિલા, 16 બાળકો, 246 સાધુ અને 37 સાધ્વીઓ સમાવેશ થાય છે. પહેલી વાર યાત્રા કરી કરી રહેલા શ્રધ્ધાળુઓએ જમ્મુમાં વહીવટીતંત્ર દ્વારા કરાયેલી વ્યવસ્થાની પ્રશંસા કરી.

# PIB-FACT CHECK

સરકારે સેનાના ભૂતપૂર્વ વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અંગે સોશિયલ મીડિયા પર ફરી રહેલા વીડિયોને ભ્રામક ગણાવી ફગાવી દીધો.આ વિડીયો પાકિસ્તાનના કોઈ સોશિયલ મીડિયા એકાઉન્ટમાંથી ફરતો કરવામાં આવી રહ્યો છે. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે જનરલ દ્વિવેદીએ વિરોધમાં રાજીનામું આપી જનરલ ધીરજ સેઠને કમાન સોંપી. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો – PIBના તથ્ય તપાસ એકમે જણાવ્યુ કે, આ વીડિયો AI દ્વારા જનરેટેડ ડીપફેક છે.જેના દ્વારા જનતાને ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે.

PIB એ સ્પષ્ટતા કરી કે જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આવું કોઈ નિવેદન આપ્યું નથી.